હિંમતનગરમાં કંપનીના બે કર્મચારીઓએ કંપની સાથે ૨૬ લાખની છેતરપીંડી કરતા ફરિયાદ

હિંમતનગર, તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર-અમદાવાદ માર્ગ પર આવલ એક ફોર વ્હિલર કંપનીમાં બે કર્મચારીઓએ કંપની સાથે રૂ. ૨૬ લાખથી વધુની છેતરપીંડી કરતા બે કર્મચારીઓ વિરુદ્ધ હિંમતનગર ટાઉન પોલીસ મથકમાં શુક્રવારના રોજ ફરિયાદ નોંધાઈ હતી. વિગત મુજબ હિંમતનગર નજીક પીપલોદી ગામ નજીક હાઈવે રોડ પર આવેલી ભુરાવાલા એન્ડ કડીવાલા મોટર્સ પ્રાઈવેટ કંપનીમાં આરટીઓનું કામકાજ સંભાળતા હિંમતનગરના રહેવાસી ફારૂકભાઈ મહમદ હનીફ મેમણ અને ઉર્વા અબ્દુલ સત્તાર મેમણ બંને કર્મચારીઓએ કંપનીમાં વેચાતી ગાડીઓના આરટીઓ કામકાજ કરાવતા હોય જે બંનેએ તા. ૧-૧૦-૧૦થી તા. ૫-૨-૧૨ દરમિયાન કંપનીના કેશિયર પાસેથી કંપનીમાં વેચાયેલા ગાડીઓના માલિકોના નામો ઉપરાંત વધારાના ખોટા નામો લખાવી ખોટા નામે ગાડીઓ પાસ કરાવાની રકમ કેશિયર પાસેથી કુલ રૂ. ૭૪ લાખ ૬૧ હજાર ૭૬૮ જેટલી રકમ લઈને મોટી ગેરરિતી આચરી હતી જે ગેરરીતિની જાણ કંપનીના ડાયરેક્ટર નિઝામુદ્દીન અબ્દુલ અજીજ ભુરાવાલાને થયેલ બંને કર્મચારી પૈકી ઉર્વા અબ્દુલ સત્તાર મેમણે જવાબદારી સ્વીકારી પોતાના ભાગમાં આવેલી રકમ રૂ. ૩૭ લાખ ૩૦ હજાર અને ફારૂકભાઈ મહમદ હનીફ મેમણે રૂ. ૧૦ લાખ ૫૦ હજાર મળી કુલ રૂ. ૪૭ લાખ ૮૦ હજાર પરત આપી હતી જયારે બાકીના રૂ. ૨૬ લાખ ૮૧ હજાર ૭૮૬ આજ દિન સુધી પરત નહિ આપેલ અને બાકીની રકમ માંગતા બંને જણાએ કંપનીના ડાયરેક્ટરને જાનથી મારી નાખવાની ધમકી આપતા શુક્રવારના રોજ હિંમતનગર ટાઉન પોલીસ મથકે કંપનીના ડાયરેક્ટર નિઝામુદ્દીન અબ્દુલ અજીજ ભુરાવાલાએ બંને કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કલમ ૪૦૬, ૪૦૮, ૪૨૦, ૫૦૬ (૨), ૧૧૪ મુજબ વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



પાલનપુર ખાતે યોજાઈ બ્રહમાકુમારીની શોભાયાત્રા

પ્રજાપિતા બ્રહમાકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય પાલનપુર સેવા કેન્દ્રને ૨૫ વર્ષ પુરા થતા રજત જયંતિ મહોત્સવ યોજાઈ રહયો છે. ત્યારે બનાસકાંઠા જીલ્લાની આઠ દિકરીઓ બ્રહમાકુમારીમાં પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કરવા જઈ રહી છે. આ મંગલ પ્રસંગની પુર્વ સંધ્યાએ આજે પાલનપુર ખાતે બ્રહમાકુમારીની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં બ્રહમાકુમારીમાં સમર્પિત થનારી બહેનો સહિત મોટી સંખ્યામાં જીલ્લાભરમાંથી પધારેલા બ્રહમાકુમારીના સ્વંયસેવી ભાઈ-બહેનો જોડાયા હતા. શહેરના લક્ષ્મણ ટેકરીથી નીકળેલી યાત્રા શહેરના વિવિધ રાજમાર્ગો પરથી પસાર થઈ હતી. જયાં માર્ગમાં ઠેર-ઠેર તેનું સ્વાગત કરાયું હતું.

રાધીવાડ પ્રાથમિક શાળાનું ગૌરવ

ખેડબ્રહ્મા, તા. ૨૩

ગુજરાત રાજયના ત્રીજા ખેલ મહાકુંભ અંતર્ગત અન્ડર-૧૬ ભાઈઓની યોગાસન સ્પર્ધા આણંદ મુકામે તાજેતરમાં યોજાઈ હતી. જેમાં સાબરકાંઠા જિલ્લાની યોગાસન ભાઈઓની ટીમે ઉત્કૃષ્ટ દેખાવ કરી રાજયમાં તૃતીય સ્થાન મેળવ્યું હતું. આ ટીમના પાંચ ખેલાડીઓમાં ખેડબ્રહ્મા તાલુકાની રાધીવાડ પ્રાથમિક શાળાના ચાર વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી.

જેમાં પંડ્યા ધ્રુવ મિલનકુમાર, રહેવર સાવનસિંહ શીવસિંહ, ખેર હલપાલસિંહ પ્રતાપસિંહ તથા ખેર હરદીપસિંહ હિંમતસિંહનો સમાવેશ થાય છે. રાજયમાં તૃતીય સ્થાન મેળવી આ ખેલાડીઓએ રાધીવાડ ગામ ખેડબ્રહ્મા તાલુકા તથા સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. જે બદલ ખેલાડીઓ તથા શાળાના કોચ મનહરસિંહ ખેરને શાળાના મુખ્ય શિક્ષક તથા શાળા પરિવારે બિરદાવ્યા હતા.

ખેડબ્રહ્માના શ્યામનગરમાં વિશ્વકર્મા જયંતિ અને રાંદલ ઉત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા. ૨૩

શ્રી વડાલી સત્તાવીસ સુથાર સમાજ ખેડબ્રહ્મા દ્વારા શનિવારના રોજ શ્રી વિશ્વકર્મા પ્રભુની જયંતિ થતા ભગવતી રાંદલ માતાના લોટા તેડવાના ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિશ્વકર્મા જયંતિના યજમાન તરીકે સુથાર જીજ્ઞાબેન જતીનકુમાર ખેડબ્રહ્મા કલાવતીબેન નિરવકુમરા સુથાર - વડાલી તથા રાંદલ મા ના યજમાન હિનાબેન અશ્વિનકુમાર મિસ્ત્રીએ ધર્મલાભ લીધો હતો. ઉત્સવ દરમિયાન મહાપૂજા, આરતી, રાંદલ માનો ઘોડો ખૂંદવાનો તથા રાસ ગરબા કરવામાં આવ્યા હતા. સમગ્ર પ્રસંગની પૂજા રામશંકર ચોવેએ કરાવી આ પ્રસંગને સફળ બનાવવા સમાજના પ્રમુખ પરસોત્તમભાઈ મિસ્ત્રી, કાન્તીલાલ સુથાર, ખજાનચી અશ્વિનભાઈ સુથાર અને મહેન્દ્રભાઈ સુથારે ભારે જહેમત ઉઠાવી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

હિંમતનગરના સહકારી જીન પાસે બાઈક સ્લીપ ખાઈ જતા ચાલકનું મોત

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના સહકારી જીન ચાર રસ્તા પર શનિવારની વહેલી સવારે એક બાઈક બમ્પ કૂદ્યા બાદ સ્લીપ ખાઈ જતા ચાલકનું મોત નીપજ્યું હતું. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ રાજસ્થાનના ડુંગરપુર જીલ્લાના સિમલવાડા તાલુકાના નીગાલ ગામના ઈશ્વરભાઈ થાવરાભાઈ મીણા અને પોપટભાઈ દીતાભાઈ રોત બંને શનિવારના રોજ વહેલી સવારે હિંમતનગર તરફથી બાઈક નંબર આરજે-૧૨-એસએફ-૮૦૭૮ લઈ રાજસ્થાન પોતાના વતને જઈ રહ્યા હતા દરમિયાન ૪.૩૦ વાગેના સુમારે સહકારી જીન ચાર રસ્તા પર ફૂલસ્પીડે બાઈક જઈ રહેલ હતી જે બાઈકના ચાલક ઈશ્વરભાઈ થાવરાભાઈ મીણાએ ચાર રસ્તા પરના બમ્પ પરથી કુદાડી હતી. પરિણામે બાઈક સ્લીપ ખાઈ ગયેલ પરિણામે ચાલક અને સવાર બંનેને શરીરે ગંભીર ઈજાઓ થયેલ જે બંનેને ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં લાવતા હતા દરમિયાન ૩૫ વર્ષીય ઈશ્વરભાઈ થાવરાભાઈ મીણાનું મોત નીપજ્યું હતું. જ્યારે સવાર પોપટભાઈ દીતાભાઈ રોતને શરીરે ઈજાઓ થયેલ જેમને સારવાર અર્થે દાખલ કરેલ હતા. પોલીસે તેમની ફરિયાદ આધારે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સાબરકાંઠા જિલ્લામાં બે ચોરી

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જીલ્લા ના ખેડબ્રહ્મા તાલુકા ના લક્ષ્મીપુરા ગામે રહેતા રાજેશભાઈ ભીખાભાઈ પટેલ ની બાઈક નંબર -૩૪-૯-૫-૧૩૭૦ ની પોતાના ઘર આગળ પાર્ક કરેલ જે ૪ થી ફેબ્રુઆરી ની રાત્રી ના કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ આ અંગે ખેડબ્રહ્મા પોલીસ મથકે ગુરુવાર ના રોજ રાજેશભાઈ પટેલ ફરિયાદ નોધાવી હતી ત્યારે બીજી તરફ મોડાસા તાલુકા ના મેઢાસણ ગામ ની સીમ માં આવેલા સ્મશાન માંથી શબ મુકવાની લોખંડ ની સગડી ની તસ્કરો એ ૧૬ મી ફેબ્રુઆરી ની રાત્રી ના ચોરી કરી લઈ ગયેલ જે અંગે મોડાસા ગ્રામ્ય પોલીસ મથકે ગુરુવાર એ ગામ ના ગણેશભાઈ મગનભાઈ વણકર એ ફરિયાદ નોધાવી હતી.

પ્રાંતિજ-તલોદના ત્રણ રીઢા બુટલેગરોને ૬ જિલ્લામાંથી તડીપાર

નાયબ કલેકટર આશાબેન શાહે કેસની ગંભીરતા જોતા હુકમો કર્યા

પ્રાંતિજ, તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકામાં દારૂનો ધંધો કરનારા ત્રણ રીઢા બુટલેગરોને પ્રાંતિજ-તલોદના પ્રાંત અધિકારીએ કેસની ગંભીરતાઓ જોઈ કેસ ચલાવતા આ ત્રણેય બુટલેગરોને પાંચ જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યા હતા જેથી બુટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ અને તલોદ તાલુકાનો પ્રવિણસિંહ ઉર્ફે ગનીસિંહ બેચરસિંહ, પીલુદ્રા ગામનો દીથાજી અને તલોદના ટાટટડા ગામનો ફુલસિંહ નામના ત્રણેય બુટલેગર છેલ્લા ઘણા સમયથી મોટા પાયે દારૂનો ધંધો કરતા હતા જેમની સામે અનેક ફરિયાદો થવા પામી હતી. આ સમગ્ર કેસો પ્રાંતિજની પ્રાંત કચેરીમાં ચાલતા સબડિવિઝન મેજીસ્ટ્રેટ આશાબેન શાહે આ ત્રણેય બુટલેગરોને સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા, અમદાવાદ, ગાંધીનગર અને પંચમહાલમાં પ્રવેશવા પર પ્રતિબંધ લગાવ્યો છે. આ ત્રણેયને સબડિવિઝન મેજીસ્ટ્રેટના આદેશથી તડીપારના હુકમો સાથે પોલીસે કાયદેસર રીતે રવાના કર્યા છે.

ખેડબ્રહ્મામાં મોલા-મસીનો ઉપદ્રવ

ખેડબ્રહ્મા શહેરમાં છેલ્લા બે દિવસથી મોલા-મસીનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. ખેડબ્રહ્મા શહેરના ગામ વિસ્તાર, બસ સ્ટેશન, સ્ટેશન અને હાઈ-વે પર મોલો-મસી વધુ પ્રમાણમાં ઉડતી હોવાથી નગરજનો તોબા પોકારી ગયા છે. સવારે અને સાંજે વધુ પ્રમાણમાં ઉડતા મોલો-મસીના કારણે સૌથી વધુ ટુ વ્હીલર ચાલકો પરેશાન થઈ રહ્યા છે. વાહન ચાલકોમાં મહિલાઓને બુકાની બાંધી વાહન ચલાવવું પડી રહ્યું છે. જ્યારે પુરૂષો અને રાહદારીઓને રૂમાલ બાંધી અવરજવર કરનાર નજરે પડી રહ્યા હતા.

ડીસામાં વિશ્વકર્મા જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

ડીસા તા. ૨૩

ડીસામાં સુથાર સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. મહાસુદ તેરસનો દિવસ વિશ્વકર્મા જયંતી તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વકર્મા એટલે દેવો પયોગી બાંધકામ સુવિધા પુરી પાડવાવાળા, શ્રેષ્ઠતમ સ્થપતિ (આજની ભાષામાં આર્કીટેક) વિશ્વકર્મા પ્રભુજી ત્રણ લોક અને સમસ્ત વિશ્વસર્જક શિલ્પ શાસ્ત્ર પ્રણેતા તરીકે વધુ જાણીતી છે. લાખો વર્ષપુર્વે જન્મેલ શ્રી વિશ્વકર્મા પ્રભુજી આજે પણ તમામ પ્રકારના કારીગર વર્ગના હૃદયમાં અમર છે.

એક પ્રાચીન કથા પ્રમાણે યુગપુર્વ થઈ ગયેલ પૃથુરાજાના રાજયમાં જ્યારે અનહદ્ અરાજકતા સાથે દુઃખ છવાતુ રહ્યું ત્યારે ઋષિમુનિ સમુહે મળી પૃથુરાજાને તપ કરી, સર્વ વિધાસ્થાપક તેમજ તે મુજબ સર્જન કરવા સમક્ષ શ્રેષ્ઠ શ્રી વિશ્વકર્મા પ્રભુને પ્રસન્ન કરવાનું કહેલુ, પૃથુરાજાના કઠોરતપથી પ્રસન્ન વિશ્વકર્માજીએ પૃથુરાજા અને તેમની પ્રજાના દુઃખ દુર કર્મેથી સુખની વૃદ્ધી થયેલ તેથી તેઓશ્રી પ્રત્યે પુજય ભાવે ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું તે દિવસ મહાસુદ તેરસનો હતો. તે પુર્વે પણ તેરસ હતી. ખાસ કરી સમગ્ર ભારત વર્ષમાં વિવિધ પ્રાંતોમાં વિશ્વકર્મા જયંતી દિવસ તરીકે મનાવવામાં આવે છે. આજે વિશ્વભરમાં નાના-નાના ઝુંપડાથી લઈ ક્ષીતીજોને આંબતી ગંગનચુંબી, અટપટી, અજાયબ વિકાસકાર્યના નિષ્ણાંત, લાઈનના અભ્યાસુ, સ્થપતિ, આર્કીટેક, ઈજનેર અને સાંપ્રત કાળે નવી ક્ષીતીજે ઈન્ટીરીયર ડીઝાઈનીંગના ક્ષેત્રે બાંધકામ નિર્માણ ચાલ્યાજ કરે છે.

જે બધાની રાહબારીમાં કારીગર વર્ગ અને મજુર વર્ગના લોકો કરી રહ્યા છે. આ બધાના લોહીમાં કહેવાય છે. શ્રી વિશ્વકર્મા પ્રભુનું લોહી વહી રહ્યુ છે. સુથાર, ગુર્જર, લુહાર, માળી, કુંભાર, સોની, કંસારા, કલાકાર, ચિત્ર, શિલ્પ, નૃત્ય, સંગીત વિગેરે ક્ષેત્રે કલાનો આરધક હોય આ બધા વર્ગના માનવીઓ પ્રત્યેક્ષ યા પરોક્ષ રીતે જન્મ અથવા તો કર્મથી મહાપ્રભુ શ્રી વિશ્વકર્માના વંશજ ગણવામાં આવે છે. કોઈપણ નુતન કાર્યના પ્રારંભમાં શ્રી વિશ્વકર્મા દાદાનું પુજન-અર્ચન કરીને અને આશિષ મેળવતા હોય છે. શ્રી વિશ્વકર્મા જયંતી કારીગર વર્ગ માટે દિવાળી સમાન ઉત્સવ છે.

જયારે ડીસામાં આવેલ વિશ્વકર્મા મંદિરે દાદાના મંદિરે સવારથીજ ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. સુથાર જ્ઞાતિના ભાઈ-બહેનો સવારથી મંદિરમાં દર્શનાર્થે ઉમટી પડ્યા હતાં. તેમજ અન્ય સમાજના ભક્તોએ પણ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

પ્રાંતિજમાં વિશ્વકર્મા જયંતિની થયેલી ઉજવણી

સમગ્ર ગુજરાતમાં વિશ્વકર્મા જયંતિની આજે ઉજવણી થઈ રહી છે. તેમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ વૈશ્ય સુથાર રામજી મંદિર ખાતે તેમજ સથવારા કડીયા વિશ્વકર્મા મંદિરમાં શ્રી વિશ્વકર્મા જયંતિના પ્રસંગે ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાંતિજ શહેરમાં નાની ભાગોળ વિસ્તારમાં પટેલવાસ પાસે વૈશ્ય સુથાર રામજી મંદિરમાં આજરોજ મહાસુદ તેરસના દિવસે વિશ્વકર્મા જયંતિની ઉજવણી ભારે દબદબાપૂર્વક કરવામાં આવી હતી. પ્રાંતિજ પાસે આવેલા ભગવાન વિશ્વકર્મા મંદિરમાં પ્રભુની મૂર્તિની સ્થાપના ૧૯૮૩માં કરવામાં આવી હતી. વિશ્વકર્મા જયંતિ પ્રસંગે દાદાના ભકતો વહેલી સવારથી જ મંદિરમાં ઉમટી પડયા હતા અને સવારની મંગળા આરતીના સમયે શ્રધ્ધાળુઓ ધર્મપ્રેમી લોકોએ ભાવપૂર્વક આરતીનો લાભ લીધો હતો. ધર્મપ્રેમી ગિરીશકુમાર કાંતિલાલ મિસ્ત્રીના યજમાનપદે દાદાને પંચામૃતથી અભિષેક કરીને કેસરથી સ્નાન કરાવ્યા હતા અને વસ્ત્રો તેમજ શૃંગાર કરવામાં આવ્યો હતો. જેમાં દાદા જાણે સ્વયં હાજર હોય તેવો ભાવ પ્રગટ થતો હતો. આ પ્રસંગે નાની ભાગોળ વિસ્તારમાં મેળો ભરાયો હતો. આ પ્રસંગે પ્રાંતિજ પી.આઈ. ઉપાધ્યાય દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. (તસવીર : સંજય રાવલ)

ઊંઝામાં તસ્કરો પુનઃ સક્રીય છ લાખની બોલેરો ઉઠાવી ગયા

ઊંઝા, તા.૨૩

ઊંઝા વિસ્તારમાં હમણાંથી તસ્કરો પુનઃ સક્રિય બનતાં ઘરફોડ અને વાહનચોરીઓનો ઉપદ્રવ વધી જતાં લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી જન્મી છે. ઊંઝામાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ તેમજ ઉપેરા ગામે લગભગ અડધો ડઝન મકાનોને નિશાન બનાવીને રૂપિયા ૧૯ હજારની મત્તાની ચોરીઓના કિસ્સાની શાહી હજી સૂકાઈ નથી ત્યાં ઊંઝા શહેરની એક સોસાયટીમાંથી રાત્રિના સમયે કોઈ તસ્કરો રૂપિયા છ લાખની કિંમતની મત્તાની બોલેરો કારની ઉઠાંતરી કરીગયા હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે, ઊંઝા ખાતે વિસનગર રોડ પર આવેલ કૃષ્ણ સોસાયટીમાં રહેતા ડાહ્યાભાઈ ગંગારામ પટેલે પોતાની બોલેરો મોટરકાર નં. જીજે.૨. બી.ડી. ૬૬૬૧ ઉમા સોસાયટીમાં પાર્ક કરી હતી. તેની રાત્રિના સમયે કોઈ તસ્કરો ચોરી કરીને કયાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ કારની કિંમત રૂપિયા છ લાખની થવા જાય છે. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલમાં શૈક્ષણિક કાર્યક્રમો યોજાયા

હિંમતનગર, તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના વડુમથક એવા હિંમતનગર ખાતે ગત રોજ તારીખ ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૩ને ગુરુવારના રોજ મદ્રેસા હાઈસ્કૂલ ખાતે ધો-૧૧ના વિદ્યાર્થીઓનો સ્વયં શિક્ષક દિન અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય શુભેચ્છા સમારંભ અને વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો.

આ પ્રસંગે સ્વયંશિક્ષક દિનના પ્રિન્સીપાલ બનેલા રેહાન સાબુગર તથા તેમની ટીમે ખૂબ જ શિસ્તભર્યા વાતાવરણમાં શિક્ષણ કાર્ય કર્યું હતું. આ પ્રસંગે ધો-૧૨ના વિદ્યાર્થીઓ પૈકી જિલ્લા અને રાજય કક્ષાએ જુદી જુદી સ્પર્ધામાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય ઝહરભાઈ મુતવલ્લીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં એમ.એમ.આઈ. ટ્રસ્ટના પ્રમુખ ગુલામ મૌહ્યુદ્દીન કરસોલીયા તેમજ મંત્રી અલ્તાફભાઈ સાબુગર તથા તમામ સભ્યોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશિષ વચનો પાઠવ્યા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮